જનરલ એગ્રી વિભાગ
પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

# ટેન્ડર નોટીસ

આથી સુકાઇ ગયેલ તેમજ વરસાદી પવનથી મૂળમાંથી ઉખડી ગયેલ વૃક્ષ ખરીદ કરતા ઇજારદારોને જણાવવાનું કે વેટરનરી કોલેજ, આ.કૃ.યુ. આણંદના પરીસરમાં નંગ-૧૯ (ઓગણીસ) તેમજ સુકાઇ ગયેલ નડતર રૂપ કાપેલ ડાળીઓના ઢગલા-૦૨ નો ટેન્ડર પદ્ધતિથી વેચાણ કરવા માટેની શરતો અને બોલીઓ નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧ | ટેન્ડર ભરનાર ઇજારદારે નોન રીફન્ડેબલ ટેન્ડર ફી (જે પરત મળવાપાત્ર નથી) પેટે રૂ. ૨૫૦/- રોકડા ભરી અત્રેના વેટરનરી કોલેજના વિસ્તરણ શિક્ષણ વિભાગમાં જાહેર રજાના દિવસો સિવાય સવારના ૯.૦૦ થી ૧૨.૦૦ અને બપોરના ૨.૦૦ થી ૫.૩૦ કલાક સુધીમાં કોરૂ નિયત ટેન્ડર ફોર્મ મેળવી લેવાનુ રહેશે તથા અસલ રસીદ ભાવ ભરેલ પત્રક સાથે બીડવાની રહેશે. અને એક ફોટો કોપી પોતાની પાસે રાખવાની રહેશે. |
| ૨ | ભાવપત્રક સાથે સિક્યુરીટી ડિપોઝીટની રકમ રૂ. ૨૫૦૦/- ડ્રાફ્ટથી ભરવાની રહેશે. ડ્રાફ્ટ "AAU Fund Account" Payable at Anand ના નામનો મોકલવાનો રહેશે. |
| 3 | નિયત તારીખ બાદ મળેલ ભાવપત્રક રદબાતલ ગણાશે. |
| ૪ | ટેન્ડર નોટીસમાં દર્શાવેલ વૃક્ષ નંગ-૧૯ તેમજ સુકાઇ ગયેલ નડતર રૂપ કાપેલ ડાળીઓના ઢગલા-૦૨ જોવા માટે કચેરીના કામકાજના દિવસો દરમિયાન રૂબરૂમાં જોઇ શકાશે. |
| ૫ | ભાવ ભરેલ ટેન્ડર ફોર્મ રસીદ સાથે સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ પોસ્ટ/ સ્પીડ પોસ્ટથી તા. ૧૬/૦૧/૨૦૨૧ ના બપોરના ૧૭.૦૦ કલાક સુધીમાં આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદને મળી જાય તે રીતે મોકલી આપવાનુ રહેશે. |
| ૬ | કવર ઉપર "સુકા લાકડાનુ ટેન્ડર" એમ લખવુ આવશ્યક રહેશે. |
| ૭ | ટેન્ડર મંજૂર કરવું કે નહીં તેની સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે. અને તે દરેક ઇજારદારને બંધનકર્તા રહેશે. |
| ૮ | ટેન્ડર મંજૂર થયે ટપાલ/ ફોન દ્વારા જાણ કરવામાં આવશે, ત્યાર બાદ દિન-૫ માં મંજૂર થયેલ ભાવ મુજબના નાણાં અત્રેની કચેરીના કેશીયર પાસે કચેરીમાં ભરી અત્રે રસીદ બતાવી સ્વખર્ચે માલ લઈ જવાનો રહેશે. જો દિન-૫ માં મંજૂર થયેલ ભાવ મુજબ રકમ ભરપાઈ કરવામાં નહી આવે તો તેમની સિક્યુરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે અને માલ બીજા નંબરની પાર્ટીને વેચાણ કરવાની વિચારણા કરવામાં આવશે. |

| | |
|---|---|
| ૯ | જેનું ટેન્ડર લાગશે તેની સિક્યુરીટી ડીપોઝીટની રકમ જમા લેવામાં આવશે અને જેનું ટેન્ડર નહીં લાગે તેને સિક્યુરીટી ડીપોઝીટનો ડ્રાફ્ટ ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. |
| ૧૦. | વેચાણે લેનાર ઇજારદારને માલ ફક્ત ચાલુ ઓફિસ સમય દરમ્યાન જ (સવારના ૯:૦૦ થી સાંજના ૧૭:૩૦ કલાક) વિસ્તરણ શિક્ષણ વિભાગમાંથી ગેટ પાસ મેળવીને લઈ જવા દેવામાં આવશે. અને માલ લઇ જતી વખતે આણંદ કૃષિ યુનિવર્સિટીની માલ મિલ્કત કે કર્મચારી/ વિદ્યાર્થીને નુકશાન થશે તો તેનાં નાણાં કમિટીની ભલામણ મુજબ અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી, વેટરનરી કોલેજ, આ.કૃ.યુ., આણંદ નક્કી કરે તે મુજબનો દંડ તાત્કાલિક ભરવાનો રહેશે. તેમાં દલીલ કે રજુઆત ચાલશે નહી.વધુમાં વેચાણે રાખેલ સુકા લાકડાના પરિવહન માટે જરૂરી સરકારી મંજૂરીઓ ઇજારદારે લેવાની રહેશે. |

જા.નં. આકૃયુ/ જનરલ એગ્રી/ ટેન્ડર /૩૩૯૦ /૨૦૨૦

તા. ૨૪/૧૨/૨૦૨૦

(સહી)
આચાર્ય/ ડીન

નકલ રવાના:

૧ દરેક વિભાગીય વડાશ્રીઓ/અધિકારીશ્રીઓ તરફ તેમના હસ્તકના દરેક કર્મચારીઓ તરફ જાણ સારૂ તથા બહોળી પ્રસિધ્ધિ અર્થે નોટીસ બોર્ડ પર મૂકવા સારૂ.

૨ મદદનીશ વહીવટી અધિકારીશ્રી, વેટરનરી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.

૩ અત્રેની કચેરીની હિસાબી શાખા તરફ જાણ તથા પાર્ટી તરફથી સુકા લાકડાના ટેન્ડરની ડીપોઝીટની રકમ જમા લેવા સારૂ.

૪ કોલેજ નોટીસ બોર્ડ પર મુકવા સારૂ.

૫ નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેકનોલોજી,યુનિવર્સિટી વેબસાઇટ પર બહોળી પ્રસિદ્ધ અર્થે અપલોડ કરવા સારૂ.

ટેન્ડર ફોર્મ નંબર:

# વર્ષ ૨૦૨૦-૨૧ ના સુકા લાકડાનુ ટેન્ડર ફોર્મ

| | | |
|---|---|---|
| ૧ . | ટેન્ડર ભરનારનુ નામ: | |
| ૨ | ટેન્ડર ભરનારનુ કાયમી સરનામુ મોબાઇલ નંબર સાથે : | |
| ૩ | ટેન્ડર ફી ભર્યાની તારીખ અને રસીદ નંબર: | |
| ૪ | સિક્યુરીટી ડીપોઝીટની વિગત | ડીડી નંબર:<br>બેંકનુ નામ:<br>રકમ:<br>તારીખ: |
| ૪ | સુકાઇ ગયેલ તેમજ વરસાદી પવનથી મૂળમાંથી ઉખડી ગયેલ વૃક્ષ નંગ-૧૯ તેમજ સુકાઇ ગયેલ નડતર રૂપ કાપેલ ડાળીઓના ઢગલા-૦૨ નો ભાવ રૂપિયામાં (આંકડામાં) | |
| | શબ્દોમાં: | |

૫ આ ટેન્ડર ફોર્મની પાછળ દર્શાવેલ શરતો હું સંપૂર્ણ સમજ્યો છું. જે મને મંજુર અને બંધનકર્તા રહેશે.

૬ આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, આ.કૃ.યુ., આણંદનો આખરી નિર્ણય મને બંધનકર્તા રહેશે.

૭ ટેન્ડર ભરનારે પોતાની ઓળખપત્ર માટે પોતાનો ફોટોવાળું કોઈ પણ એક આઈકાર્ડની ઝેરોક્ષ જોડવાની રહેશે. (ચુંટણી કાર્ડ/આધાર કાર્ડ/ડ્રાઇવિંગ લાઇસન્સ)

ટેન્ડર ભરનારનુ નામ: ............................

ટેન્ડર ભરનારની સહી: ............................

સ્થળ: ..................

તારીખ: ..................

## ઝાડની વિગત:

| નંબર | ઝાડનુ નામ/ જાત | ઝાડની સંખ્યા |
|---|---|---|
| ૧ | આસોપાલવ | ૦૭ |
| ૨ | લીમડા | ૦૫ |
| ૩ | ગરમાળો | ૦૧ |
| ૪ | લીમડાનુ થડ | ૦૧ |
| ૫ | ગુલમહોર | ૦૧ |
| ૬ | બાવળ-૧ | ૦૧ |
| ૭ | કેશિયાનુ થડ-૧ | ૦૧ |
| ૮ | પેલ્ટ્રોફોર્મ-૧ | ૦૨ |
| ૯ | કાપેલ ડાળીઓના ઢગલા | ૦૨ |
| | કુલ | ૧૯+૨ |